**ડાયરેક્ટ ❤ સે**

કર યુદ્ધ તું જાત સાથે
ખાલી વાતોમાં શું રસ છે
ન જીતાય દુનિયા તો શું ?
ખુદને જીતાય તોય બસ છે

## જન્મદિને વધામણી



ધિગેશ વિનોદ શર્મા
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯



હાર્દિક સતિષ સોલંકી



આલાપ ઉપેન્દ્ર પટેલ
પ્રેસ મેનેજર
વડોદરા મ્યુનિ. કોર્પોરેશન
મો. ૯૯૦૪૩ ૫૩૯૩૦



હેમંત દવે
મો. ૯૯૯૮૭ ૨૨૩૪૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ગ્રંથાલય દિવસની ઉજવણી





ગાંધીનગર ખાતે સ્થિત રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ભારતના ગ્રંથાલય પ્રવૃત્તિના પિતામહ ડૉ. એસ આર રંગનાથનની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ અને પ્રજાજનોએ પુસ્તક પ્રદર્શન નિહાળ્યું હતું અને વાચકજાગૃતિ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે વાચકોને ડૉ. રંગનાથન પ્રેરિત પાંચ સૂત્રોને ધ્યાનમાં રાખી ગ્રંથાલયોના ઉપયોગ સંબંધિત માર્ગદર્શન તેમજ વર્તમાન સમયે ટૅકનોલૉજીના વિકાસની સાથે જ ગ્રંથાલયોનું અને ગ્રંથોનું પણ એટલું જ મહત્ત્વ રહેલું છે તે બાબતને અગત્યની ગણી ગ્રંથાલયોનો નિયમિત ઉપયોગ કરવા ગ્રંથપાલ ડૉ. પંકજ કે ગોસ્વામી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

## એસ.જી. - એસ. વી. શાળાના વિદ્યાર્થીઓએ નિસર્ગ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી



એસ.જી. - એસ.વી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ - ૩માં અભ્યાસ કરતા ૩૬૦ વિદ્યાર્થીઓએ સેક્ટર-૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી હતી. બાળકોમાં નાનપણથી વિજ્ઞાન પ્રત્યે ૠચિ કેળવાય તે હેતુથી આ મુલાકાતનું આયોજન થયું હતું. ત્યાં બાળકોને વિવિધ મોડેલ તેમજ વિવિધ વિજ્ઞાનના પ્રોજેક્ટ વિષે રસપ્રદ માહિતી પૂરી પાડવામાં આવી હતી.

## જે બી સ્કૂલ દ્વારા સર્વ વિદ્યાલય પરિસરની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાના ધોરણ-૧૨ના ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે કડી સ્કૂલ કૅમ્પસ, સૅક્ટર-૨૩ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બે દિવસીય ઉપક્રમ દરમિયાન કૅમ્પસમાં કાર્યરત ભગિનીસંસ્થાઓ અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તથા તેઓ મહત્તમ ઉપયોગ કરી શકે તેવી વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ માટે તૈયાર કરવામાં આવેલ ઍડવેન્ચર ઝોન, કમ્યુનિટી હોલ, ક્રિએટીવ ઝોન, લલિતકલા ટૉય હાઉસ, આઈએઍસ ટ્રેનિંગ સૅન્ટર વગેરેની મુલાકાત કરાવી ઉપયોગી માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી.

### ભારત વિકાસ પરિષદ દ્વારા
## આર જી - ઍસ બી પટેલ કન્યા શાળા ખાતે 'ભારત કો જાનો' પરીક્ષા યોજવામાં આવી



ગાંધીનગર, તા. ૧૩
શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩ ખાતે ભારત વિકાસ પરિષદ દ્વારા ધોરણ-૯થી ૧૨ની વિદ્યાર્થિનીઓમાં ભારત ભૂમિ અને તેમાં પાંગરેલા, વિકાસ પામેલા વિવિધ વિષયો તથા મહાનુભાવો જેમ કે સંસ્કૃતિ, સંશોધનો, વિજ્ઞાન-ટૅકનોલૉજી, ઈતિહાસ, ભૂગોળ, ભાષા અને વ્યાકરણ, રમતગમત વગેરે જેવા વિષયોને લઈને એક જ્ઞાનવર્ધક પરીક્ષા 'ભારત કો જાનો'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ પીરક્ષામાં બંને વિભાગની કુલ ૧૪૯ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. પરીક્ષામાં કુલ ૫૦ પ્રશ્નો હતા અને તેના માટે બહુવિકલ્પ પ્રકારનું પ્રશ્નપત્ર તૈયાર કરવામાં આવ્યું હતું, સમયગાળો ૪૦ મિનીટનો નિયત કરવામાં આવ્યો હતો.

પરીક્ષા માટે ભારત વિકાસ પરિષદનાં મહિલા સદસ્ય મણિબેન દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. પરીક્ષા અંગે સંપૂર્ણ માર્ગદર્શન આચાર્ય સુધાબેન પટેલ અને માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલ દ્વારા આપવામાં આવ્યું હતું. માધ્યમિક વિભાગના શિક્ષક પંકજકુમાર એફ પટેલ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષક જ્યોત્સ્નાબેન પટેલ દ્વારા સમગ્ર પરીક્ષા કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

## શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે ચૉકલેટ મેકિંગ વર્કશૉપ યોજવામાં આવ્યો




શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ રચિત સ્વયમ્ અકાદમી અંતર્ગત વિદ્યાર્થિનીઓ માટે ચૉકલેટ મેકિંગ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્વયં અકાદમીનાં સંયોજક પ્રા. પ્રતિમા છનિયારા દ્વારા વિદ્યાર્થિનીઓને વિવિધ પ્રકારની ચૉકલેટ્સ, ડિઝાઈનર ચૉકલેટ્સ, ચૉકલેટ ટ્રફલ્સ બનાવતાં તથા તેનું પૅકિંગ, ડૅકોરેશન કરતાં શીખવવામાં આવ્યું હતું. વર્કશૉપના અંતે આચાર્ય ડૉ. ઊર્મિલા ચૌધરી દ્વારા વિદ્યાર્થિનીઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.



ગાંધીનગર, તા. ૧૩
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાઈમરી સ્કૂલની ૩૮ વિદ્યાર્થિનીઓએ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર દ્વારા આયોજિત ડૉ. વિક્રમ સારાભાઈના જન્મદિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ બાળ વૈજ્ઞાનિકની વેશભૂષા ધરીને વૈજ્ઞાનિક તરીકે પોતાનો પરિચય આપ્યો હતો.

સ્કૂલની વિદ્યાર્થિની દૃષ્ટિ હિતેષકુમાર જયસ્વાલે 'કલ્પના ચાવલા'ની ભૂમિકા ભજવી તૃતિય વિજેતાક્રમ હાંસલ કર્યો હતો. મદદનીશ શિક્ષક સ્મિતાબેન એસ જોષીએ વિદ્યાર્થિનીને માર્ગદર્શન આપ્યું હતું અને નીરૂબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓ ઉપરાંત વિજેતા વિદ્યાર્થિનીને અભિનંદન આપી બિરદાવી હતી.

## ભુલકાઓને મજા પડી જાય તેવાં બાળગીતો : 'પંખીડાં સાથે'




### 'પંખીડા સાથે' (બાળગીત સંગ્રહ)માં બાળકને ૠચિ પ્રમાણે વયને ધ્યાનમાં રાખીને દરેક પાનાં પર સુંદર રેખાચિત્રો સાથે ૨૬ જેટલાં બાળગીતો આપણને મળે છે

**પુસ્તક પરિચય**
**નટવર હેડાઉ**

બાળસાહિત્ય બહોળા પ્રમાણમાં લખાય છે, તેમાં બાળવાર્તાઓ, પ્રસંગકથાઓ, પૌરાણિકકથાઓ સાથે સાથે બાળકોને ગમી જાય તેવાં બાળકાવ્યો પણ મળે છે. પરંતુ બાળસાહિત્યમાં સૌથી અઘરો પ્રકાર બાળગીતોનો ગણી શકાય. કારણ કે તેમાં બાળકને ગમે તેવા શબ્દો, મજા પડી જાય તેવો લય અને જીભે ચડી જાય તેવા પ્રાસ હોવા જરૂરી છે. તો બાળક ઉત્સાહભેર તે બાળગીત ગણગણવા લાગશે. બાળગીતોના વિષય પણ એવા હોવા જોઈએ કે તેમાં શબ્દો સરળ અને માધુર્યથી ભરપૂર હોય તે આવશ્યક છે. તે સાથે ઉપદેશ કરતાં બાળકની ઉત્સુકતા વધે તેવાં બાળગીતો બાળકોને વધુ ગમતાં હોય છે. બાળકોને પાંખીઓ, પ્રાણીઓ અને પાતંગિયાં વિશેષ ગમે તે સ્વાભાવિક છે.

ગુજરાતી બાળસાહિત્યમાં 'ઉખાણાં ઉત્સવ' લઈને આવેલા મણિલાલ શ્રીમાળીના બાળકાવ્ય સંગ્રહો હીંચકો, ઝરણું, ડોલતાં ફૂલડાં, પરબડીએ પારેવડા જોતાં તે નિવડેલા બાળકવિ લાગ્યા વિના રહે નહીં. તેઓ જાણે છે કે બાળકને રમવાનું, કૂદવાનું, હસવાનું ગમે. વળી કાલીઘેલી ભાષામાં ગીતો ગાવાં તથા વાર્તા કહેવાનું પણ ગમે એવી આગળ ડોલતાં ઝાડપાન, રંગબેરંગી પુષ્પો, આકાશ, ટમટમતા તારલાઓ, સૂરજ અને ચંદામામા બધું જ ગમે ને મનભરી મજા પણ માણે. આવાં નિર્દોષ અને રમતિયાળ મનનાં ભુલકાઓ માટે કવિ એક નાનકડું પુસ્તક 'પંખીડાં સાથે' લઈને આવ્યા છે.

'પંખીડા સાથે' (બાળગીત સંગ્રહ)માં બાળકને ૠચિ પ્રમાણે વયને ધ્યાનમાં રાખીને દરેક પાનાં પર સુંદર રેખાચિત્રો સાથે ૨૬ જેટલાં બાળગીતો આપણને મળે છે. જેમાં પંખીડાં સાથે ગામડાંની વાત, મેળો, મદારી, મારું ઘર અને ઘરની આસપાસનાં પ્રાણીઓ જેમ કે બારીઓ, કૂતરાં ને વાંદરો, મજાની ખિસકોલી, બિલ્લીમાસી, મોરલાને મળવું છે, લીલો પોપટડો, પંખીડાંનો માળો, ૠતુગીતો - શિયાળો, આવ્યો વરસાદ અને પ્રસંગ ગીતો - ઉઠ્યાં ત્યારથી ઉંઘ્યા સુધી, મેળામાં મજા પડશે, મદારી કાનો (કાનુડો) જેવાં ગમતીલાં ગીતો મળે છે.

અહીં આપણને 'કવિનું ગાન પંખીડાં સાથે' શિર્ષકથી સાં. જે. પટેલની પ્રસ્તાવના મળે છે, જેમાં આ સર્જકને તેઓ પ્રથિતયશ બાળકવિ તરીકે નવાજે છે. તેઓ જણાવે છે કેબ ળકો માટે પદ્યમાં કાવ્યસર્જન કરતા કવિઓનું ઉત્તરદાયિત્વ વિશેષરૂપે રહ્યું છે. બાળકને જે કાવ્યકૃતિ મળે તે રૂપકડાં રમકડાં જેવી હોવી જોઈએ. તેમાં લય, તાલ, ગેયતા, વર્ણસગાઈ, પ્રાસ, અંત્યાનુપ્રાસ વગેરે કાવ્યોનાં આભૂષણો છે. સંગ્રહમાંનાં કાવ્યો તેની પ્રતીતિ કરાવે છે. 'ગામડાંની વાત'માં પહેલાંના ગામડાની રળિયામણી યાદો પ્રસ્તુત કરી ગામડાનું સુંદર ચિત્ર રજૂ કર્યું છે. 'મજાની ખિસકોલી'માં ખિસકોલીનું સુંદર શબ્દચિત્ર દોર્યું છે, તે સાથે તેની બધી અદાઓ બહુ સરસ રીતે રજૂ કરી છે. 'મારું ઘર', 'અલબેલાં પંખીઓ' વગેરે કાવ્યો પણ બાળકોને ગમી જાય તેવાં છે. તો 'ઉઠ્યાં ત્યાંથી ઉંઘ્યા ત્યાં સુધી' કાવ્યમાં બાળકની ઈચ્છા મહાન બનવાનો છૂપો સૂર વ્યક્ત કરે છે.

સાં. જે. પટેલે તેમની પ્રસ્તાવનામાં કવિનાં કાવ્યોમાં રહેલ કેટલીક વિસંગતતાઓ અને ત્રુટિઓ અંગે પણ ધ્યાન દોર્યું છે. ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરની સહાયથી પ્રગટ થયેલ આ સંગ્રહના વિક્રેતા રન્નાદે પ્રકાશન છે. સુંદર મુખપૃષ્ઠ સાથે છેલ્લા પાને લેખક પરિચય પણ મળે છે. કવિના આ બાળકાવ્યને આવકારું છે અને શુભેચ્છા પાઠવું છું.

પંખીડાં સાથે (બાળગીત સંગ્રહ)
લેખક : મણિલાલ એમ શ્રીમાળી 'મિલન'
વિક્રેતા : રન્નાદે પ્રકાશ, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ - ૨૦૧૭
કિંમત : રૂા. ૬૫.૦૦

## સરકારી વિનયન કૉલેજમાં રસોઈ કળા વર્કશૉપ સંપન્ન




સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે પાંચ દિવસીય રસોઈ કળા વર્કશોપનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. પાંચ દિવસમાં વિદ્યાર્થીઓને હેલ્ધી ડ્રિંક્સ, સૂપ,અને સેન્ડવિચ, બેકરી આઈટમ, પંજાબી, નાસ્તા, અને મીઠાઈઓ જેવી વિવિધ વાનગીઓ વધુ પૌષ્ટિક કઈ રીતે બનાવાય તેની ટેકનિક ઈન્ટરનેશનલ લેવલે તાલીમ આપી ચૂકેલ કાનીનીકા મહેતા દ્વારા શીખવવામાં આવી. સમાપન સમારંભમાં આચાર્યશ્રી હિમ્મત ભાલોડીયાએ વિદ્યાર્થીઓને રસોઈ કળામાં કરિયર બનાવી શકાય તેની માહિતી આપી. ભાઈઓ અને બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન C.W.D.C.નાં કન્વીનર ડો. જોલી દેસાઈ અને સભ્ય ડો.ગીતબા ચાવડા, ડો. જ્યોત્સ્ના ગોસ્વામિ અને ડો. દિવ્ય પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## શ્રી જે ઍમ ચૌધરી કન્યા વિદ્યાલય ખાતે સ્વતંત્રતા દિવસ નિમિત્તે સ્પર્ધાઓ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૩
શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય, ગાંધીનગર ખાતે ૧૫મી ઑગષ્ટના અનુસંધાને વક્તૃત્વ અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. 'મારા સ્વપ્નનું ભારત' વક્તૃત્વ સ્પર્ધામાં અનુક્રમે ભૂમિ વણઝારા, વર્ષા ચૌધરી, શ્વેતા ભોગ્યતા, 'જો હું વડાપ્રધાન હોઉં તો' વિષયક નિબંધ સ્પર્ધામાં દિશા સી પરમાર, આકાંક્ષા ડી સાધુ અને ભૂમિકા વી ચૌધરી વિજેતા બન્યાં હતાં. સમગ્ર સ્પર્ધાનું આયોજન સુધાબેન પટેલ અને અરૂણાબેન ચૌધરી આચાર્ય પ્રવીણાબેનના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## કેન્દ્ર સરકાર દ્વારા હવે જન ધન યોજના-૨ આવશે

ગાંધીનગર, તા. ૧૩
પ્રધાનમંત્રી જન ધન યોજના (પીએમજેડીવાય)ને ચાર વર્ષ સમાપ્ત થવા આવી રહ્યાં છે ત્યારે ભારત સરકાર હવે આ યોજનાનો વ્યાપ વધારવા આગળ વધી રહી છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૧૪ના રોજ ભારત સરકાર દ્વારા દાખલ કરવામાં આવેલ આ યોજના હવે તેના ૩૨.૨૫ કરોડ લાભાર્થીઓ સાથે અનેક સરકારી યોજનાઓના અમલનું માધ્યમ બની ચૂકી છે.




૧ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ જન ધન યોજનામાં કુલ બેલેન્સ રૂ. ૮૦,૬૭૫ કરોડ છે, જેમાં જાહેર ક્ષેત્રની બેંકોમાં રૂ. ૬૪,૩૮૮ કરોડની ડિપોઝિટ છે. હવે કેન્દ્ર સરકાર જન ધન યોજનાનો વ્યાપ વધારવા તેમજ તેની પહોંચ અને અસરને વધુ વિસ્તારવા માટે જન ધન યોજના-૨ લાવવાની દિશામાં આગળ વધી રહી છે.

સરકાર જન ધન યોજના-૨ લાવીને ૧૦થી ૧૨ કરોડ જેટલા લોકોને હજુ આવરી લેવા માગે છે કે જેઓ હજુ કોઈ બેંક ખાતાં ધરાવતા નથી. ૩૨ કરોડ કરતાં વધુ લોકોને બેંકિંગ સાથે સાંકળવામાં આવ્યા તે એક મોટી સિદ્ધિ છે, પરંતુ હજુ આ દિશામાં વધુ કાર્ય કરવાની જરૂર છે એવું અગ્રણી બેન્કરોનું માનવું છે.